# 06- સામાજિક વિજ્ઞાન

101 નેશનલ થિમૈટિક મેપ ઓર્ગેનાઈઝેશન સંસ્થા કયા શહેરમાં આવેલી છે?
(A) અમદાવાદ (B) પૂના (C) ચેન્નાઈ (D) કોલકાતા

102 પ્રાચીન સમયમાં કયા વૃક્ષની છાલ પર ગ્રંથો લખાતા હતા?
(A) તામ્રપત્ર (B) ભોજપત્ર (C) શ્વેતપત્ર (D) આમ્રપત્ર

103 ભારતનો નાગરિક કેટલા વર્ષની ઉંમરે મતદાન કરવાનો અધિકાર મેળવે છે?
(A) 18 (B) 15 (C) 28 (D) 16

104 ભીમબેટકાની ગુફા હાલના કયા રાજયમાં આવેલી છે?
(A) ગુજરાત (B) ઉત્તરપ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) ઓરિસ્સા

105 પૃથ્વીના ગોળા પર દોરેલી આડી રેખા શું સૂચવે છે?
(A) રેખાંશવૃત્ત (B) કર્કવૃત્ત (C) મધ્યવૃત્ત (D) અક્ષાંશવૃત્ત

106 જમીન પર આવેલા જુદા–જુદા ભૂમિ સ્વરૂપોને સર્વસામાન્ય રીતે કયા નામે ઓળખવામાં આવે છે?
(A) પોપડો (B) સ્તર (C) ભૂપૃષ્ઠ (D) જમીન

107 આપણી પ્રાચીન સંસ્કૃતિનું ધામ લોથલ કયા જિલ્લામાં આવેલું છે?
(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) રાજકોટ

108 આપણા અતિ પ્રાચીન ગ્રંથો વેદોમાં સૌથી જૂનો વેદ કયો છે?
(A) અથર્વવેદ (B) ઋગ્વેદ (C) સામવેદ (D) યજૂર્વવેદ

109 સાબરમતી નદી પર કઈ સિંચાઈ યોજના આવેલી છે?
(A) કડાણા (B) નર્મદા (C) ધરોઈ (D) રાસકા

110 ડાંગ જિલ્લામાં આવેલ બરડીપાડાનું અભિયારણ શેના માટે જાણીતું છે?
(A) વાઘ અને સાબર (B) સિંહ (C) પક્ષીઓ (D) દિપડા

111 સિમેન્ટ ઉદ્યોગ માટે શેના પથ્થરો કાચા માલ તરીકે ઉપયોગી હોય છે?
(A) ચુનાના (B) અશ્મિઓના (C) કાળાપથ્થર (D) લાલપથ્થર

112 ગૌતમબુદ્ધે સૌ પ્રથમ કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હતો?
(A) હિબ્રુ (B) ભોજપુરી (C) પાલી (D) અવધી

113 ગુજરાતના કયા શહેરમાં અશોકનો શીલાલેખ આવેલો છે?
(A) પોરબંદર (B) જુનાગઢ (C) રાજકોટ (D) ગોંડલ

114 ઓસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે?
(A) હરણ (B) જિબ્રા (C) હિપોપોટેમસ (D) કાંગારુ

115 સમ્રાટ હર્ષવર્ધનનું રાજય ‘કનોજ’ હાલના કયા રાજયમાં આવેલું હતું?
(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) હિમાચલપ્રદેશ (D) કાશ્મીર

116 પૃથ્વી પોતાની ધરી પર ફરીને કોની પરિક્રમા કરે છે?
(A) ચંદ્રની (B) સૂર્યની (C) ગ્રહોની (D) તારાઓની

117 અજાયબી સમાન સાતમાળની રાણકી વાવ કયા શહેરમાં આવેલી છે?
(A) મહેસાણા (B) બનાસકાંઠા (C) પાટણ (D) સાબરકાંઠા

118 કેટલા અંઉશ રેખાંશવૃત્તને ‘આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા’ કહેવામાં આવે છે?
(A) 90° (B) 180° (C) 60° (D) 120°

119 મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે?
(A) મહેસાણા (B) અમદાવાદ (C) પાટણ (D) બનાસકાંઠા

120 હિમાલયનું ભારતમાં આવેલું સૌથી ઊંચુ શિખર કયું છે?
(A) માઉન્ટ એવરેસ્ટ (B) કાંચનજંગા (C) માઉન્ટઆબુ (D) માઉન્ટ ગોડવીન ઑસ્ટિન
121 રાજય સરકારના મંત્રીમંડળના વડા કોણ હોય છે?
(A) રાજયપાલ (B) મુખ્યમંત્રી (C) વિધાનસભા અધ્યક્ષ (D) મુખ્ય ન્યાયાધીશ
122 ભાખરાં–નાંગલ બહુહેતુક સિંચાઈ યોજના કઈ નદી પર આવેલી છે?
(A) સતલુજ (B) રાવી (C) ગંગા (D) બ્રહ્મપુત્રા
123 ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ કયો છે?
(A) સોમનાથ થી પોરબંદર (B) દિલ્હી થી ચેન્નાઈ (C) મુંબઈ થી કોલકાતા (D) વારાણસી થી કન્યાકુમારી
124 કુતુબમિનાર કયા શહેરમાં આવેલો છે?
(A) દિલ્હી (B) ઔરંગાબાદ (C) હૈદરાબાદ (D) આગરા
125 આંધ્રપ્રદેશનું કયું નૃત્ય જગવિખ્યાત છે?
(A) બિહુ (B) કથ્થક (C) કુચીપુડી (D) ઈગ્લુ
126 ગુરુનાનકનો જન્મ લાહોર નજીક કયા ગામમાં થયો હતો?
(A) લેહ (B) તલવંડી (C) તગમંડી (D) લાલગામ
127 ઉત્તર ગોળાર્ધની મધ્યમાં કયો ખંડ આવેલો છે?
(A) એશિયા (B) આફ્રિકા (C) યુરોપ (D) અમેરિકા
128 આસામનું કયું નૃત્ય ખૂબ જ જાણીતું છે?
(A) બિહુ (B) કુચીપુડી (C) ઈગ્લુ (D) કથ્થક
129 ભારત આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો હતો?
(A) કોલંબસ (B) વાસ્દો (C) એરિક્સ (D) વાસ્કો–દ–ગામા
130 પૃથ્વી પર મુખ્ય કેટલાઆવરણો આવેલાં છે?
(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) છ
131 કયા દિવસને ગણતંત્ર દિવસ તરીકે ઓળખવામાં આવે છે?
(A) 16, જાન્યુઆરી (B) 15, ઓગસ્ટ (C) 26, ઓગસ્ટ (D) 26, જાન્યુઆરી
132 સમુદ્રના તળિયે જવાળામુખી ફાટવાના કારણે સમુદ્રની સપાટી પર ઉત્પન્ન થતાં વિનાશક મોજાંને શું કહે છે?
(A) સુનામી (B) તૂફાન (C) જળજવાળામુખી (D) જળપ્રલય
133 ભારતમાં સૌ પ્રથમ કયા બે શહેરો વચ્ચે રેલ્વે શરૂ થઈ હતી?
(A) મુંબઈ અને પૂણે (B) ચેન્નઈ અને કોલકાતા (C) મુંબઈ અને થાણા (D) નાશિક અને થાણા
134 ભારતમાં કેવા પ્રકારની લોકશાહી છે?
(A) પ્રમુખશાહી (B) સંસદીય (C) તાનાશાહી (D) પ્રચ્છન્ન
135 ભારતમાં અંગ્રેજી કેળવણીનો પ્રારંભ કોણે કર્યો હતો?
(A) મેકોલે (B) બેન્ટિક (C) વિલ્યમ (D) સેન્ટજહોન
136 આર્યસમાજની સ્થાપના કોણે કરી હતી?
(A) રાજારામ મોહનરાય (B) રાનડે (C) દયાનંદ સરસ્વતી (D) લોકમાન્ય તિલક
137 હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)નું પ્રથમ અધિવેશન કયાં મળ્યું હતું?
(A) કોલકાતા (B) સુરત (C) અમદાવાદ (D) મુંબઈ
138 નીચેના પૈકી કયું રાજય સૌથી વધુ વસ્તી ધરાવતા પાંચ રાજયો પૈકીનું એક છે?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) કાશ્મીર (D) કેરલ
139 દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની સફળ લડત કરીને ગાંધીજી કઈ સાલમાં ભારત પાછા આવ્યા હતા?
(A) 1912 (B) 1914 (C) 1917 (D) 1915

140 સંયુક્ત રાષ્ટ્રસંઘને અંગ્રેજી કયા ટૂંકા નામે ઓળખવામાં આવે છે?
(A) ઓ. એન. (B) યુનો (C) એસ. ઓ. (D) એસ. આર.
141 આઝાદી સમયે ભારતમાં કેટલા દેશી રજવાડાઓ હતા?
(A) 560 (B) 565 (C) 562 (D) 566
142 મહાગુજરાત ચળવળના રાહબર કોણ હતા?
(A) બબલભાઈ (B) ઈન્દુલાલ યાજ્ઞિક (C) ઈશ્વર પેટલીકર (D) ઈશ્વરભાઈ પટેલ
143 પ્રથમ વિશ્વયુદ્ધ કઈ સાલમાં શરૂ થયું હતું?
(A) 1911 (B) 1916 (C) 1915 (D) 1914
144 ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કઈ સાલમાં થઈ હતી?
(A) 1500 (B) 1600 (C) 1601 (D) 1605
145 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કોણે કરી હતી?
(A) અરવિંદ ઘોષ (B) લાલાલજપતરાય (C) ભગતસિંહ (D) સુભાષચંદ્ર બોઝ
146 ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર કઈ સાલમાં આતંકવાદી હુમલો થયો હતો?
(A) 2001 (B) 2011 (C) 2000 (D) 2015
147 ભારતમાં છેલ્લે વસ્તી ગણતરી કઈ સાલમાં થઈ હતી?
(A) 2011 (B) 2015 (C) 2001 (D) 2010
148 રાજપીપળા પાસે ડેડિયાપાડામાં શેનું અભિયારણ આવેલું છે?
(A) વાઘ (B) સિંહ (C) દિપડા (D) રીંછ
149 ભારતની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે?
(A) પેસિફિક મહાસાગર (B) હિંદ મહાસાગર (C) અરબી મહાસાગર (D) બંગાળાની ખાડી
150 જિલ્લા ન્યાયાધીશોની નિમણૂંક કોણ કરે છે?
(A) મુખ્યમંત્રી (B) વિધાનસભા અધ્યક્ષ (C) રાજયપાલ (D) મુખ્ય ન્યાયાધીશ